# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૩૨ તા.૨૬-૬-૧૫

ફકત મ્યુનિ. શાળાઓ માટેઃ-

આથી તમામ મ્યુનિ.શાળાઓના મુખ્યશિક્ષકશ્રીઓને જણાવવાનું કે આગામી તા.૨૯-૬-૧૫, સોમવારના રોજ ટાગોર હૉલ, પાલડી ખાતે સાંજે ૫-૦૦ કલાકે 'રાજ્યકક્ષાનું બાળકવિ સંમેલન'નું આયોજન રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા કરવામાં આવેલ છે.

આ રાજ્યકક્ષાનું બાળકવિ સંમેલન માન.મુખ્યમંત્રીશ્રી આનંદીબેન પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાનાર છે. આ બાળકવિ સંમેલનમાં મ્યુનિ. સ્કૂલ બોર્ડની ધો.૬ થી ૮ ધરાવતી તમામ શાળાના ભાષા વિષયના જુનિયર શિક્ષકશ્રીને ભાગ લેવા સૂચના આપી સમયસર અવશ્ય હાજર રહે તે માટે જાણ કરશો. કાર્યક્રમ પૂર્ણ થયા બાદ ભોજનની વ્યવસ્થા રાખવામાં આવી છે. કાર્યક્રમ પૂર્ણ થયા બાદ જે-તે ઝોનનાં સુપરવાઈઝરશ્રીને હાજરી પૂરાવીને જ સ્થળ છોડવાનું રહેશે.

તા.૨૬-૬-૧૫

ડૉ.એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

પરિપત્ર નં. ૩૩ તા.૨૬-૬-૧૫

ફકત મ્યુનિ. શાળાઓ માટેઃ-

આથી તમામ મ્યુનિ.શાળાઓના મુખ્યશિક્ષકશ્રીઓને જણાવવાનું કે ચાલુ સાલથી (૨૦૧૫-૧૬)થી સ્કોલરશીપની તમામ યોજનાઓમાં ધો. ૬ થી ૮ની કન્યાઓને રૂા.૭૫૦/- પ્રમાણે શિષ્યવૃત્તિની રકમ મળવાપાત્ર થાય છે. તેથી વર્ષ ૨૦૧૫-૧૬માં આપની શાળાએથી જે દરખાસ્ત પત્રકો રજૂ કરો તેમાં પ્રથમ ધો.૧ થી ૮ના કુમારના નામ લખવા ત્યારબાદ ધો.૧ થી ૫ની કન્યાના નામ લખવા ત્યારબાદની બે લાઈનમાં મોટા અક્ષરે(લાલપેનથી) નીચે ધો.૬ થી ૮ની કન્યાના નામ તેમ લખી ધો.૬ થી ૮ની કન્યાના નામ લખવા. અનુક્રમ નંબર સળંગ ચલાવવો તેમજ દરખાસ્તની પાછળ આપેલ તારીજ પણ સ્પષ્ટ રીતે ઉકલે તેમ સંખ્યા દર્શાવવી જેથી સમાજ કલ્યાણ ખાતેથી મંજૂર શિષ્યવૃત્તિની રકમમાં ભૂલ થાય નહી, દરખાસ્ત પુરી થાય તેના છેલ્લા પાને જ તારીજ બનાવશો. પાને-પાને અલગ-અલગ તારીજ બનાવવી નહીં.

તા.૨૬-૬-૧૫

ડૉ.એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી